dakshinayan
દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
Veer Narmad South Gujarat University, Surat

February-April 2016 For private circulation only Vol. 08 - Issue 165-169

શિક્ષણ એ માનવતાનું સંવર્ધન કરતી સાંસ્કૃતિક પ્રવૃત્તિ છે. આમાં 'મૂલ્ય' એ તેનો પ્રાણ છે. આવાં મૂલ્યોના હ્રાસ સાથે કરવામાં આવતી નફાખોરી બાળકોને કુશિક્ષણ આપશે. આવી નફાખોરીના લીધે શાળાઓ સમાજ/રાષ્ટ્રના નવનિર્માણનું માધ્યમ નહીં બની શકે. બાળકનું શિક્ષણ ગુણવત્તાયુકત માનવીય ગુણોથી રસાયેલું નહીં બની શકે. આ માટે સામાજિક સહકાર અને નિયમનની વ્યવસ્થા અનિવાર્ય બની રહી છે.

પુરુષોત્તમ ગો. પટેલ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

'શિક્ષણ', 'તાલીમ' અને 'કેળવણી' વચ્ચેની ભેદરેખા આજે ભૂંસાઇ ચૂકી છે. 'માર્ગદર્શન' જેવો શબ્દ વચ્ચે ઘૂસી ચૂકયો છે અને કયાંક ચૂંક ઊપડી છે. એક પ્રકારની દિશાહીન દોટ શરૂ થઈ ચૂકી છે. આ બધાની વચ્ચે એકાએક શેરબજારની જેમ શિક્ષણનું બજાર પણ વિશ્વસ્તરે અને આપણે ત્યાં ઊભું થયું છે. બજાર શાનું ? હાટડીઓ ! રોકડનો ધંધો ! તગડી ફી અને સગવડને નામે અલ્લાયો ! નહીં ગ્રન્થાલય, નહીં રમતનું મેદાન, નહીં ઉપહારગૃહ, નહીં બહેનો માટેનો અલાયદો ઓરડો ! નહીં પૂર્ણ સમયના, પૂર્ણ પગારના શિક્ષકો, નહીં પૂર્ણ સમયના કર્મચારીઓ, નહીં પૂર્ણ સમયના શિક્ષણવિદો દેશ-પ્રદેશમાં ત્યારે ને ? બધું જ અધૂરું, બધાં જ અધૂરાં !

હા, નવી નવી વિદ્યાશાખાઓ ખૂલે છે. તકનિકી સૂઝબૂઝ અને પ્રગતિલક્ષી વલણ વિકસાવવા એ આવશ્યક પણ છે. માહિતીનો તો પ્રચંડ વિસ્ફોટ છે. એની સાથે તાલ મિલાવવા પણ નવી અભ્યાસરીતિ આવશ્યક છે પણ એની પાછળની આંધળી દોટ આપણને પહોંચાડશે કયાં ? કઈ શાખામાં કેટલા તાલીમાર્થી જોઈશે, કયા વ્યવસાયક્ષેત્રમાં કેટલી માંગ છે, દેશને તકનિકીક્ષેત્રે કેટલો ફાલ જોઈએ છે એનું સર્વેક્ષણ છે ખરું ? સરકારો દુકાનો ખોલે છે પણ એ દુકાનોમાં કેવો હલકો માલ ભંડારાય છે એની દેખરેખ રાખતું આરોગ્ય ખાતું એણે વિકસાવ્યું છે ખરું ? દેશનું અને રાજયનું શૈક્ષણિક આરોગ્ય આવા ન્યૂમોનિક કે મેનિઆક વિષાણુઓથી કથળી રહ્યું છે એની ચિંતા કયાંય કોઈ કલ્યાણવાંચ્છુને થાય છે ખરી ?

વાડી છે દલા તરવાડીની, તારી દેનારી ! તગડી ફી, શિક્ષકોનું મજૂરોથી યે બદતર શોષણ, સગવડને નામે શૂન્ય, બિનતાલીમી શિક્ષકો (મોટેભાગે સ્ત્રીઓ જેથી શિસ્તના, કામગીરીના પ્રશ્નો ઓછા સર્જાય !) શું વિદેશોમાં આ મૉડેલ છે ? આપણે લાવ્યા ત્યાંથી તો ત્યાંની સગવડો પૂરી પાડોને ?

આમ થવાથી આપણે ઘણા મૂળભૂત પ્રશ્નોમાંથી બચી ગયાનો આનંદ લઈએ છીએ. એ પ્રશ્ન તો આ કે દેશનો ગરીબ વિદ્યાર્થી કયાં અને કેવું ભણશે ? એને માટે આ બધી નવી વિદ્યાશાખાઓ સુલભ બનશે ? આ સ્પર્ધામાં એ આવી તગડી ફી ભરી શકશે ? ને જો એમ નહીં થઈ શકે તો એ તો સદાનો વંચિત ને વંચિત જ રહેશે ને ? એણે તો લઘુતાગ્રંથિથી જ પીડાતા જ રહેવાનું ને ? એણે તો મજૂરી કરવાની ને ? એણે પેલાં સિદ્ધિનાં સ્વપ્નો જોવાનાં જ નહીં ને ? એનાં બેલી કોણ ? શું રાજયે કે દેશે આવો કલ્યાણકેન્દ્રી અભિગમ રાખવાનો નહીં ? તો તો પાયાનો પ્રશ્ન એ ઊઠે કે પછી રાજયે કે દેશમાં શાસનની આવશ્યકતા જ શી ? જો કલ્યાણ અંગે રાજયે કશું વિચારવાનું ન હોય તો એણે કરવાનું શું ? માત્ર કાયદો અને વ્યવસ્થા ? તો એને માટે આટલા બધા મંત્રીઓ અને સચિવોની ફોજ ? આટલા વિદેશપ્રવાસો અને ઉત્સવોની ભરમાર ? આ વૈભવવિલાસ કોને ભોગે ?

વાંક માત્ર અન્યનો કાઢવાનો ય કશો અર્થ નથી. શિક્ષકોએ પણ વધુ પડતા વ્યાવસાયિક અભિગમે વિત્ત ઓછું કર્યું છે. પ્રમાદ એમણે પણ દાખવ્યો છે. આમ તો, પ્રમાદ, આપણી આખી સમાજવ્યવસ્થાનો સ્થાયીભાવ છે. કાર્યસંસ્કૃતિ (વર્ક-કલ્ચર) જેવું કશું આપણે વિકસાવ્યું નથી. નિવૃત્તિમય અધ્યાત્મના પક્ષકારો એવા આપણે એ આરાધનામાં સહેજે પાછા પડયા નથી. પણ શિક્ષક તો પ્રવૃત્તિમાર્ગનો પક્ષકાર હોવો ઘટે. હા, એને એનું યોગ્ય મહેનતપણું મળવું જોઈએ પણ એનું ધ્યાન માત્ર પહેલી તારીખ અને પાસબુક પર જ રહેવાનું હોય તો બાકીના દિવસો ને ભાવિ પેઢીને એ ખાસ્સું નુકસાન પહોંચાડે છે. જેને આચાર્ય (રોલ મૉડેલ) કહેવાય એવા શિક્ષકો કેટલા ? જેની જ્ઞાનસાધના નિત્ય સન્નધ રહેતી હોય અને જેની વહેંચણી એ નિત્ય કરવા ઉત્સુક અને તત્પર હોય એવા શિક્ષકો કેટલા ?

સમાજ શિક્ષકોની અવગણના કરે છે અને એને અન્ય વ્યાવસાયિકો જેટલો આદર આપતો નથી એ વત સાચી, પણ શિક્ષકે એ આદર ઊભો કરવા કોઈ પ્રામાણિક પ્રયત્નો કર્યા છે ખરા ? એક સાચો શિક્ષક સમાજ બદલી શકવાની ક્ષમતા ધરાવતો હોય છે, એની પાસે વિદ્યાર્થીઓનું જીવંત ઊર્જાતત્ત્વ હોય છે. આ ઉર્જાને રચનાત્મક દિશામાં વાળવાનું કામ શિક્ષક કરે છે ખરો ?

ઊધઈ બધે ચઢી ગઈ છે. વાલ્મીક-સંસ્કૃતિ વિકસી ચૂકી છે. આ સંસ્કૃતિને કારણે સંસ્થાનો બહારથી વાલ્મીકો જેટલાં મોટાં ભાસે છે, પણ મોટા ભાગનાં અંદરથી ખવાઈ ચૂકયાં હોય છે અને પોલાં હોય છે આ વાલ્મીકો તોડીફોડીને અંદરથી જ કોઈ સાચો વાલ્મીકિ બહાર આવે તો બને. ક્રાંતિ હમેશાં અંદરથી જ થતી હોય છે એ સત્યને પ્રગટ થવાની રાહ જોઈએ

સતીશ વ્યાસ

(સાભાર : સંપાદક : ડૉ. દક્ષેશ ઠાકર (૨૦૧૧). શિક્ષણ : ચિંતા અને ચિંતન. પૃ. ૨૦૩-૫)

# યુનિવર્સિટી ન્યૂઝ


## ૪૭મો વાર્ષિક પદવીદાન















યુનિવર્સિટીનો ૪૭મો વાર્ષિક પદવીદાન સમારંભ શ્રી ઓમ પ્રકાશ કોહલી, માનનીય કુલાધિપતિશ્રી અને રાજયપાલશ્રી, ગુજરાત રાજયના પ્રમુખ સ્થાને યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે તા. ૨૬-૨-૧૬ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે યોજાઈ ગયો.

પદવીદાન પ્રસંગે કુલપતિશ્રી દક્ષેશ ઠાકરે માનનીય કુલાધિપતિશ્રી ઓમ પ્રકાશ કોહલી, પ્રો. યોગેશ સિંઘ અને ઉપસ્થિત સૌ કોઈને આવકારીને પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં સફળ થવા માટે આશિર્વચન પાઠવ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું કે, ૨૦મી સદી શસ્ત્રોની સદી હતી, પણ હવે ૨૧મી સદી શાસ્ત્રોની સદી છે. જેઓ પાસે વધુ જ્ઞાન છે એ જ દેશ સૌથી વધુ શકિતશાળી છે, એટલે વ્યકિતનો વિકાસ સામૂહિક અને દેશના વિકાસમાં સહભાગી બને એ સાંપ્રત સમયમાં જરૂરી છે. ટકા, માર્કશીટ, ડિગ્રી જીવનમાં ચોકકસ જરૂરી છે પણ તે બધામાંથી શિક્ષણ પ્રાપ્ત કરીને સમજ કેળવીએ અને તે રાષ્ટ્રપ્રેમ સુધી લઈ જાય એ જરૂરી છે.

પ્રો. યોગેશ સિંઘ (ડાયરેકટરશ્રી, નેતાજી સુભાષ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી)એ દીક્ષાંત પ્રવચન આપતાં વિદ્યાર્થીઓને જણાવ્યું કે, ભારતને આગળ વધવામાં તમારું યોગદાન નકકી કરો. તમારી ભૂમિકા નકકી કરો. આજે નોલેજ અને ટેકનોલોજીનો યુગ છે અને કોઈપણ પરિસ્થિતિમાં આજે આગળ વધવા માટે ટેકનોલોજી એપ્રોચને સ્વીકારો. વધુમાં તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રીય ચરિત્ર બનો, વિનમ્ર બનો. ઉંમર અને વ્યવસાય બન્નેમાં જેમ જેમ મોટા થાવ તેમ તેમ વિનમ્ર બનો. તેમણે વિદ્યાર્થીઓને સિલેબસ બહારના બે પુસ્તકો વર્ષમાં વાંચવાની હિમાયત કરી હતી.

પદવીદાન પ્રસંગે માનનીય કુલાધિપતિશ્રીએ સંબોધન કરતાં જણાવ્યું કે, આજના યુવાનો એવા દોરાહા પર છે કે જયાં એક તરફ ટ્રેડીશનલ ઈન્ડિયન વેલ્યુઝ છે અને બીજી તરફ ગ્લોબલ ઈથોઝ છે. કઈ તરફ જવું એ નકકી કરવા કરતા યંગસ્ટર્સે આ બન્નેનું સામન્જસ્ય કેવી રીતે થઈ શકે તે અંગેનો રસ્તો કાઢવો જોઈએ. વિશ્વવિદ્યાલયોમાં સુધારણા સમયનો તકાજો છે અને ટીચીંગ મેથડસ બદલવાની તાતી જરૂરિયાત વર્તાય છે. યુવાનોમાં સંવેદના ઓછી થતી જાય છે એ દુઃખદ બાબત છે. સંવેદના વગરનો માણસ સૂકી રેત જેવો હોય છે, જેના કણ કણ પણ એકમેક સાથે સંકળાયેલા હોતા નથી.

કુલસચિવશ્રી જે.આર. મહેતાએ યુનિવર્સિટીના ૪૭મા વાર્ષિક પદવીદાન સમારંભમાં કુલ ૧૨ વિદ્યાશાખાઓની ૧૧૬ જેટલી પદવીઓ હાજર તથા ગેરહાજર રહેલ કુલ ૩૧,૦૯૮ વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવશે તેની જાહેરાત કરી હતી. તદ્‌પરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ્સ અને પ્રાઈઝનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. વધુમાં ડૉ. અનિલ નાયકને ડિ.લિટ.ની ઉપાધિ એનાયત કરવામાં આવી હતી.


વાર્ષિક પદવીદાન સમારંભ પૂર્વે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, પ્રો. યોગેશ સિંઘ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, પરીક્ષા નિયામકશ્રી અરવિંદ ધડૂક, સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓએ કવિ નર્મદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## સ્વર્ણિમ જયંતી ઉજવણી : ઉદ્‌ઘાટન



યુનિવર્સિટીની સ્વર્ણીમ જયંતી વર્ષની ઉજવણીનો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૩૧ ઓકટોબર ૨૦૧૫ના રોજ યોજાઈ ગયો.


યોગઋષિ પૂ. સ્વામી રામદેવજી મહારાજે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં રવિવારની રજાના દિવસે પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સિન્ડિકેટ સભ્યો, સેનેટ સભ્યો તથા યોગપ્રેમીઓને ઉત્સાહપૂર્વક ચુંબકીય વાણીથી સ્વદેશી, સ્વાભિમાન તથા રાષ્ટ્રભાવનાનાં મૂલ્યોના સંવર્ધનની વાત માંડી હતી.



પૂ. સ્વામીજીએ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની અદ્યતન માળખાગત સુવિધાઓનો પૂરેપૂરો લાભ લઈ સર્વાંગી વિકાસની દિશામાં કૂચ કરવા અનુરોધ કર્યો. યુનિવર્સિટીના સૌ પરિવારને સ્વર્ણિમ જયંતી વર્ષ નિમિત્તે અભિનંદન પાઠવ્યાં. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે સ્વામીજીને યુનિવર્સિટી કેમ્પસ પર આવકારતાં જીવન કૌશલ્યોની કેળવણી સાથે વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક, ભાવાત્મક અને આધ્યાત્મિક વિકાસની દિશાઓ ખૂલી રહી છે અને યુનિવર્સિટીને સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત થયા છે અને હર્ષ વ્યકત કર્યો હતો.

પાંચ દાયકાઓ પૂરા કરીને યુનિવર્સિટી પોતાના સ્વર્ણિમ જયંતી વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમો, કાર્યશિબિરો, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય

પરિસંવાદો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સમ્મેલન સહિત ભવ્ય નર્મદ ઉત્સવનું આયોજન થઈ રહયું છે. સ્વામી રામદેવજીએ આ ઉદ્‌ઘાટન સમારોહથી આશીર્વચનો પાઠવ્યા એ બાદ સ્વર્ણિમ જયંતી વર્ષને યાદગાર બનાવનારા કાર્યક્રમોની શ્રેણી આકાર લઈ રહી છે. અખિલ ભારતીય કક્ષાએ વૈશ્વિક સ્તરની ચર્ચા-પરામર્શનો લાભ લઈ યુનિવર્સિટી નવા રંગ-રૂપ ધારણ કરી રહી છે એનો નિર્દેષ થયો હતો.



## લોકાર્પણ



કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર તથા પીઢ અભિનેતા કે.કે. (કૃષ્ણકાન્ત)ના વરદ્ હસ્તે સલિલ દલાલના 'કુમારકથાઓ... ફેસબુકના ફળિયે' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું કે, "સેન્સ ઓફ હ્યુમરના સહકારથી અપીલ કરનાર શિષ્ટતા અને સહજતાના આકર્ષણ વડે ફિલ્મી હસ્તીઓના જીવનની ખાટીમીઠી યાદોને શબ્દ બધ્ધ કરનાર સલિલ દલાલે પોતાની આગવી ઓળખ અને પોતાનો આગવો ચાહક વર્ગ ઊભો કર્યો છે."

યુનિવર્સિટીની 'ફિલ્મ અને બુક કલબ'ના ઉપક્રમે સલિલ દલાલના પુસ્તકનું વિમેચન કરતાં સિનિયર ફિલ્મ અભિનેતા શ્રી કૃષ્ણકાન્ત (કે.કે.) એ પ્રતિભાવ આપતાં "કુમાર કથાઓ... ફેસબુકના ફળિયે !" ની કેટલીક લાક્ષણિક વિશેષતાઓનો ઉલ્લેખ કરી લેખકને અભિનંદન પાઠવ્યા હતાં.

સલિલ દલાલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું : "લોકોને કેટલું બધું વ્યકત કરવું હોય છે. એ રીતે ફેસબુક એ વરસતો વરસાદ છે. તેમાં તત્કાળ ન હોવાના આનંદ ઉપરાંત આ સિરીઝ વિશે વાચકોની કોમેન્ટ સંગ્રહિત થાય છે. જેમાં સાધારણ જનસમાજની Creativity પ્રગટ થાય છે. ફેસબુકે આ સિરીઝ મારફતે પાંચ વરસ પહેલાં ઝીલેલી આપણા સૌની એકબીજા માટેની લાગણીઓનું એ આલ્બમ છે. "

'ગુજરાત મિત્ર'ના બકુલ ટેલરે આ ગ્રંથની પ્રસ્તાવના લખતાં "કુમાર કથાઓને પોતાની વિશ્લેષણાત્મક શૈલીથી મૂલવી છે. બકુલ ટેલરે પીઠ અભિનેતા ૯૪ વર્ષની વયે પણ આ પુસ્તકનું વિમોચન કરવા ઉત્સાહપૂર્વક આવ્યા એવું જણાવીને એમનો લાક્ષણિક પરિચય કરાવ્યો હતો. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગૂર્જરે સલિલ દલાલની એક વિલક્ષણ કોલમિસ્ટ તરીકેની છબી ઉપસાવી હતી. પ્રા. મનીષા પાનવાલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ખ્યાતનામ ફિલ્મ સમીક્ષક હરીશ રઘુવંશીએ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો.



## ગૌરવ



૭૬મી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી એથ્લેટીકસ ચેમ્પિયનશીપ ૨૦૧૫-૧૬ પંજાબ યુનિવર્સિટી, પતિયાલાના નેજા હેઠળ તા. ૨૯ ડિસેમ્બર ૨૦૧૫ થી તા. ૩ જાન્યુઆરી ૨૦૧૬ મુકામે યોજાઈ હતી. જેમાં યુનિવર્સિટીની ખેલાડી કુ. સરિતાબેન લક્ષ્મણભાઈ ગાયકવાડે ૪૦૦ મીટર દોડમાં સમગ્ર ભારતમાં દ્વિતીય ક્રમ (સિલ્વર મેડલ) મેળવીને યુનિવર્સિટીનું નામ રોશન કર્યું હતું. ઉપરોકત સિધ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયા સાથે સિન્ડિકેટ સભ્યશ્રીઓ, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રી નિઝામા તથા નિયામકશ્રી પોલ ડેવિડ અને મેનેજરશ્રી ડૉ. જયેશભાઈ બુટાણીએ ખેલાડી કુ. ગાયકવાડ સરિતાને આ સિધ્ધી બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## AISHE-2015-16 Training Programme




માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ ઉચ્ચ શિક્ષણ અંગે All India Survey on Higher Education (AISHE) અંતર્ગત ૨૦૧૫-૧૬ના સર્વે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોએ તેઓની કોલેજની માહિતી માટે DCF-II નિયત

સમયમર્યાદામાં AISHE ની વેબસાઈટ પર અપલોડ કરવું અનિવાર્ય છે. સદર સર્વે અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ માહિતીનો સરકારશ્રી દ્વારા વિવિધ નીતિ-વિષયક નિર્ણયો-નીતિ તૈયાર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી સર્વે અંતર્ગત DCF-IIમાં દર્શાવવામાં આવેલ માહિતી સંપૂર્ણ સાચી હોવી અત્યંત જરૂરી છે. જેથી યુનિવર્સિટી કેમ્પસ ખાતે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોડલ ઓફિસરો માટે તા. ૭-૧-૧૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે થી બપોરે ૨.૦૦ કલાક દરમ્યાન યુનિવર્સિટી સેમિનાર હોલ, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ ખાતે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તાલીમ કાર્યક્રમ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર તથા કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા ઉપસ્થિત રહયા હતા. યુનિવર્સિટી નોડલ ઓફિસર શ્રી એચ. ડી. વાઘેલા દ્વારા યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજોને AISHEની કામગીરીના મૂલ્યાંકન તથા તેની અગત્યતા જણાવી હતી. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર દ્વારા નોડલ ઓફિસરોને ટેકનોલોજીથી માહિતગાર થઈ કાર્યદક્ષતામાં વધારો કરવા જણાવ્યું હતું તથા સૌના સાથ-સહકારથી ઓલ ઈન્ડિયા સર્વેની સૌથી સારી કામગીરી કરવાની આશા વ્યકત કરી હતી. રાજયના AISHE Cellના સ્ટેટ નોડલ ઓફિસર શ્રી આર. કે. શાહ દ્વારા તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત નોડલ ઓફિસરશ્રીઓને AISHEના વિવિધ પાસાઓની ઝીણવટભરી માહિતી આપી હતી. તાલીમ કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

## SAP Project

યુનિવર્સિટીનો ગુજરાતી વિભાગ છેલ્લા બે વર્ષથી સક્રિય રીતે કાર્યરત થયો છે અને વિવિધ સાહિત્ય પ્રવૃત્તિઓ તથા રાષ્ટ્રીય-રાજય સ્તરના વિવિધ પરિસંવાદોનું આયોજન કરીને વિશેષ પ્રકારે શિક્ષણ જગતનું ધ્યાન દોર્યું છે સર્જનાત્મક લેખન તથા પ્રૂફ રિડીંગના નવા બે સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમો પ્રસ્તુત કરીને ગુજરાતી વિભાગે નવાં પરિમાણો બે જ વર્ષમાં ઉમેરી આપ્યા છે, જેને ખૂબ હકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે.

યુજીસી તરફથી યુનિવર્સિટીના વિભાગને મળતી Special Assistance Programme હેઠળની રિસર્ચ ગ્રાન્ટ મેળવવામાં પણ ગુજરાતી વિભાગ બે વર્ષના ટૂંકા ગાળામાં સફળ થયો છે. એક પ્રોજેકટ ફેલોના માસિક રૂા. વીસ હજાર ઉપરાંત અન્ય રૂા. ૩૨ લાખ સહિત અંદાજે રૂા. ૪૫ લાખની ગ્રાન્ટ આ વર્ષે મંજૂર થઈ છે. તા. ૧ લી જૂનના રોજ યુજીસી દ્વારા નિમંત્રિત ઈન્ટરફેસ મિટિંગમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તથા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર ડૉ. નરેશ શુકલને નિમંત્રણ મળ્યું હતું. જેમની રજૂઆતો સ્વીકારીને મંજૂર કરવામાં આવેલ પ્રોજેકટમાં રિસર્ચ વર્ક હાથ કરવામાં આવનાર છે.

"ગુજરાતનાં ભગ્ન મંદિરો : સાહિત્ય, ઈતિહાસ તેમજ સમાજ-સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં એક પરીક્ષણ" વિષય ઉપરનો આ રિસર્ચ પ્રોજેકટ આંતરવિદ્યાકીય વિષયો સાથેનું અનુસંધાન ધરાવતો હોઈ ઈતિહાસ, સમાજ, સંસ્કૃતિ, તથા સાહિત્યના આંતરસંબંધો ઉપરાંત સ્થાપત્ય, શિલ્પ, નૃવંશશાસ્ત્રમાં પણ અનુબંધ ધરાવે છે.

ગુજરાતના વિવિધ મંદિરોનું ઈતિહાસ, સમાજ, સંસ્કૃતિ તથા સાહિત્યના અનુસંધાનમાં આ પ્રોજેકટ અંતર્ગત અધ્યયન આરંભાશે. મંદિરો એ કેવળ ધાર્મિક સ્થાન જ નથી, એ સમાજ, સભ્યતા અને સંસ્કૃતિના વિકાસમાં એક સીમાસ્તંભરૂપ પરિબળ છે. ગુજરાતના ભૌગોલિક વિસ્તારોમાં ભગ્ન થયેલા, નામશેષ થયેલા, પુનઃનિર્માણ પામેલાં મંદિરો, પારસી અગિયારી, જિનાલય, સ્તૂપ, ચર્ચ, મસ્જિદ આદિ ધર્મસ્થળો તથા એની સાથે સંકળાયેલ સાહિત્ય-ઈતિહાસના સંદર્ભો, લોકસાહિત્યના સંદર્ભો, દંતકથાઓ, હસ્તપ્રતો-શિલા લેખોની સામગ્રી, લોકકથાઓ, ભજનો, ગીતો આદિ વિવિધ ઉપલબ્ધ સામગ્રી પ્રસ્તુત સંશોધનમાં કામ લાગશે. મંદિરોના પરિસરમાં થતા મેળાઓ, વિધિઓ, ઉત્સવો તથા એ પાછળની પરંપરાઓ, જનસમાજની અપેક્ષાઓ, ધારણાઓ તથા માનસિકતાને સમજવી-આલેખવી તથા એના વ્યાપક સાંસ્કૃતિક હાર્દ સુધી પહોંચવાનું ધ્યેય આ સંશોધનનું રહેશે.

## NET SET Workshop

સરકારશ્રી અને કે.સી.જી.ની સુચના અનુસાર યુનિવર્સિટી ખાતે નેટ-સેટ કોચીંગ કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે અધ્યક્ષીય પ્રવચન આપતા કુલપતિશ્રીએ જણાવ્યું કે, કેટલીક બાબતો આપણે ગંભીરતાથી લેતાં નથી, સ્પર્ધાત્મક કસોટીઓ માટે આપણે અપ ટુ-ડેઈટ રહેતા નથી. પરિશ્રમ વગર કંઈ પ્રાપ્ત થતું નથી. આપણા વિસ્તારનાં અધ્યાપકો, વિદ્યાર્થી અને ખૂદ આ યુનિવર્સિટી આ પરીક્ષા માટે વિધેયાત્મક અભિગમ લઈ પરિશ્રમ કરશે. તમામ વિષયો માટે પેપર-૧ જનરલ હોઈ આ પેપરની તૈયારી માટે વ્યાખ્યાનો અને માર્ગદર્શન યોજાયું હતું. એમ.એસ. યુનિવર્સિટીના પૂર્વ પ્રો. વી.સી. વી.ડી. પાઠકે ડેટા ઈન્ટર પોલેશન અને આઈ.સી.ટી.ના મૂળભૂત ખ્યાલો તેમજ પરીક્ષા માટે તેનું મહત્ત્વ સમજાવ્યું હતું. સામાન્ય જીવનમાં આ મુદ્દાઓ સાથેના અનેક ઉદાહરણો આપ્યા હતાં. જેથી આ ખ્યાલો સ્પષ્ટતા પૂર્ણ જવાબમાં પરિવર્તન થાય. એમ.એસ. યુનિવર્સિટીનાં ડૉ. કેયુર વ્યાસે ટીચીંગ એપ્ટીટયુડ અંગે વિશદ્ ચર્ચા કરી અને આથી પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નોનાં ઉદાહરણ લઈ વિસ્તૃત સમજ આપી હતી. બપોર પછીના સત્રમાં આપણી યુનિવર્સિટીના નેટ-સેટ ઉત્તિર્ણ કરનાર અધ્યાપકો પ્રો. પૃથલ દેસાઈ, ડૉ. ધવલ મહેતા તથા ડૉ. ભરત ઠાકોર દ્વારા પોતાનાં અનુભવ કથન તૈયારી માટે જરૂરી ધૈર્ય, સંનિષ્ઠ પ્રયાસો અંગેની ટીપ્સ આપી હતી. ત્યારબાદ કેન્દ્રનાં સલાહકાર અને જી. સેટનાં પૂર્વ મેમ્બર સક્રેટરી પ્રો. એ.વી.વર્માએ પરીક્ષા અંગે વિશદ્ માહિતી, આ કેન્દ્રની ભાવી પ્રવૃત્તિઓ અને યુનિવર્સિટી દ્વારા થયેલ સરાહનીય પ્રયત્નને બીરદાવ્યું હતું. એસ.વી.એન.આઈ.ટી.નાં પ્રો. પ્રધાને લોજીકલ રીઝનીંગ અંગે ઉદાહરણો સહિત માહિતી આપી હતી. પરીક્ષાનાં ઉમેદવારોમાંથી કુ. શર્માએ કોમ્યુનીકેશન માટેની તૈયારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે ૫૨૪ ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવેલું હતું. કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના કો-ઓર્ડિનેટર પ્રો. કિશોર પોરીયાએ કર્યું હતું.

## વ્યાખ્યાન

ભૌતિકશાસ્ત્ર વિભાગ ખાતે નેશનલ કેમીકલ લેબોરેટરી, પૂના ખાતેનાં સીનીયર સાઈન્ટીસ્ટ તરીકે સેવા બજાવતાં ડૉ. પોદ્દાર અને ડૉ. રજનીશ કુમાર દ્વારા બે વિશિષ્ટ વ્યાખ્યાનો યોજાયા હતાં. જેમનાં વિષયો હતા "આપણી પાંચ ઈન્દ્રીયોથી પર રહી આણ્વીય કક્ષાથી નીચે જઈને દુનિયાનો અનુભવ" તથા "ગેસ" હાઈડ્રેટની સમજઃ આપણો ભવિષ્યનો શકિત સ્ત્રોત". પ્રથમ વ્યાખ્યાનમાં ડૉ. પોદ્દારે અતિશય નાના અવકાશ અને સમયનું માપન વખતે આણ્વીય કક્ષાઓ પદાર્શની લાક્ષણીકતાઓ ઘેરાઈ જાય છે. અને આવી પ્લાઝમોનીક ડીવાઈસથી અત્યંત ચોકસાઈપૂર્વકનું માપન આપણને જાણે સ્પર્શનો અનુભવ કરાવે છે. તેનો સ્કેલ પર રચાતુ ચુંબકીય ક્ષેત્ર અને કવોન્ટમ કલ્સટર આપણા માટે કૃત્રિમ નાકની ગરજ સારે છે. કોષીય રચનામાં નેનો સ્કેલનાં બાયોજેનીક દ્રવ્યો સ્વાદનો આસ્વાદ કરાવે છે. આમ આણ્વીય રચનાથી નીચે પદાર્થની સંરચનાનો અભ્યાસ આપણા પારંપરિક શાસ્ત્રો આયુર્વેદ, હોમિયોપેથી, સૂચિત હળદર, આદુ, મરી મસાલા અને અન્ય ઔષધીઓની ઉપયોગીતાની

સમજનું વૈજ્ઞાનિક પ્રમાણ આપવા સક્ષમ બની શકે તેમ છે. ડૉ. રજનીશ કુમાર સમુદ્રનાં પેટાળમાંથી મળતો વ્યાપક પ્રમાણમાં ગેસ હાઈડ્રેટનાં જથ્થાને શકિતના સ્ત્રોત તરીકે કેવી રીતે વાપરી શકાય અને તે દિશામાં થતાં સંશોધનનો ચિતાર આપ્યો હતો. ગેસ હાઈડ્રેટનાં જથ્થાને શકિતનાં સ્ત્રોત તરીકે કેવી રીતે વાપરી શકાય અને તે દિશામાં થતાં સંશોધનનો ચિતાર આપ્યો હતો. ગેસ હાઈડ્રેટ એ આપણા હાથમાં રહેલો સળગતો બરફ છે. શકિતનાં પારંપરિક સ્ત્રોતો જેવા કે કોલસો, તેલ અને કુદરતી ગેસનો જથ્થો સીમીત છે. પાણીનાં વિભાજનથી હાઈડ્રોજન મેળવી તેનો શકિત સ્ત્રોત ઉપયોગ કરવો ખૂબ જ ખર્ચાળ છે. આથી સમુદ્રનાં તળીયે વ્યાપક પ્રમાણમાં રહેલા ગેસ હાઈડ્રેટનાં જથ્થામાંથી એમોનિયા અને અન્ય રાસાયણિક પદાર્થોને દૂર મિશેન, ઈશેન મિશ્રિત પાણીનાં જથ્થામાંથી ગેસ હાઈડ્રેટ બૃહદ ધોરણે મેળવી શકાય તેમ છે. તેથી આ પ્રક્રિયા સાથે સંકળાયેલ ભૌતિકીય અને રાસાયણિક પ્રક્રિયાઓનાં સ્થાયીકરણની દિશામાં વ્યાપક સંશોધનો અવકાશ છે. જો ગેસ હાઈડ્રેટસને બળતણ તરીકેની લાક્ષણિકતા મળે તો તે ભવિષ્યમાં એક અન્ય પારંપરિક શકિત સ્ત્રોત તરીકે વિકસી શકે તેમ છે. અંતે વિભાગના અધ્યક્ષ પ્રો. કિશોરભાઈ પોરીયાએ ઈન્ડીયન ફીઝીકસ એસોસીએશન તથા ઈન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીકસ ટીચર્સ અંગેની માહિતી આપી હતી. અને વિભાગ દ્વારા યોજાતા વિવિધ વ્યાખ્યાન શ્રેણી અંગેની માહિતી આપી આભાર વ્યકત કર્યો હતો.

## Camp




A Legal Literacy Camp was organized in the University Department of Law in the collaboration with University Legal Aid Centre and Choryasi Taluka Legal Service Authority on Friday, 29th January, 2016. The main subject of this camp was "Woman and Child" and "Right to Information" in which Advocate Nita Trivedi & Advocate Sangeeta Khunt remained presents as speakers.

This Camp was chaired by Dr. J. T. Desai, Co-ordinantor, Dept. of Law, VNSGU, Surat. He introduced the Chief Guest and gave brief introduction about the camp. 81 students of Law Department had attended this camp.

## Best Booth Level Officer



શ્રીમતી આર.એલ. રાયકા (ઈલેકટ્રોલ રજીસ્ટ્રેશન ઓફિસર, ૧૬૩-લિંબાયત એસેમ્બલી કન્સ્ટીટયૂન્સી એન્ડ ડેપ્યુટી ડિરેકટર, રિજીયોનલ ટ્રેનીંગ સેન્ટર, (સ્પીપા) સુરત) તરફથી એસેમ્બલી કન્સ્ટીટયૂન્સી લેવલ સેલિબ્રેશન ઓફ નેશનલ વોટર્સ ડે-૨૦૧૬ નિમિત્તે યુનિવર્સિટીના કર્મચારી શ્રી ઉમેશભાઈ એન. ટીમ્મરને "Best Booth Level Officer of the Assembly Constituency for the year 2015" પ્રમાણપત્ર એનાયત થયેલ છે.

શ્રી ઉમેશભાઈ એન. ટીમ્મરને ચુંટણી પ્રક્રિયાનાં Booth Level Officer તરીકેની પ્રશંસનીય કામગીરી બદલ પ્રમાણપત્ર એનાયત થયેલ છે. અભિનંદન.

## સમર ફિટનેસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમગ્ર ભારતની એવી એક યુનિવર્સિટીઓમાંથી છે જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ-બહેનો માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે એક ગર્વની બાબત છે. આ વર્ષે તા. ૨૬-૫-૧૫ થી તા. ૧૫-૬-૧૫ દરમ્યાન



યોજાયેલા સમર ફિટનેસ કેમ્પમાં લગભગ ૧૨૦ જેટલા ખેલાડી ભાઈઓ-બહેનોએ કોર્ચીંગનો લાભ લીધો. કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાના પ્રમુખપદે યોજાયેલા પૂર્ણાહુતિ સમારંભમાં બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન કિરીટસિંહ વાસદીયા ઉપસ્થિત રહયા હતા. કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ જણાવ્યું કે રમત-ગમતમાં સિધ્ધિ હાસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહી વ્યવસ્થા ક્ષેત્રે પણ સરકારી, પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રોમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનીંગ ઉપયોગી થાય અને તમે તમારી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા. શ્રી કિરીટસિંહ વાસદીયાએ વિદ્યાર્થીઓની મહેનત બિરદાવી હતી અને શુભેચ્છા પાઠવી હતી. સમર ફિટનેસ કોર્ચીંગ કેમ્પના ખેલાડી ભાઈઓ/બહેનો અને કોચશ્રી શ્રી ચેતન પટેલ, રાજુ ભાલાવાલા, શ્રી મદનસિંહ ઠાકોર અને શ્રી કેતન પટેલનું કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા અને શ્રી કિરીટસિંહ વાસદીયાના હસ્તે સન્માન અને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું અને આભારવિધી બાસ્કેટ બોલ કોચશ્રી રાજેશ ભાલાવાલાએ કરી હતી.




## નેશનલ સાયન્સ ડે

યુનિવર્સિટી ખાતે ઈન્ડિયન ફીઝીકસ એસોસીએશન (આઈ.પી.એ.) સુરત ચેપ્ટર અને એપ્લાઈડ સાયન્સ ડિપાર્ટમેન્ટ, એસ.વી.એન.આઈ.ટી., સુરતના સંયુકત ઉપક્રમે નેશનલ સાયન્સ ડેની ઉજવણી "નોબલ પ્રાઈઝ ઈન ફીઝીકસ-૨૦૧૫" ના વ્યાખ્યાન તથા વિદ્યાર્થી દ્વારા પોસ્ટર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. નોબલ

પ્રાઈઝ ઈન ફીઝીકસ-૨૦૧૫ પર ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી-મુંબઈનો ભૌતિકશાસ્ત્રનાં પ્રોફેસર ઉમાશંકરે જણાવ્યું કે શકિત સંરક્ષણ માત્ર પેકેટો (કવોટા)માં જળવાઈ છે. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને આઈ.પકી.એ. સુરત ચેપ્ટરના ચેરમેન પ્રો. કે.સી. પોરીયાએ ચેપ્ટર દ્વારા થતી પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. કાર્યક્રમની સફળતા માટે એપ્લાઈડ ફીઝીકસ વિભાગના અધ્યક્ષ ડૉ. ખેરાજ અને પ્રા. ડૉ. યોગેશભાઈ સોનવણેએ જહેમત લીધી હતી. સુરતની કોલેજોનાં આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી પણ કરી હતી.

## ઓશો કોર્નર



તા. ૧૨-૨-૧૬ના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષપદે તથા કવિ શ્રી શોભિત દેસાઈના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી ગ્રંથાલયમાં 'ઓશો કોર્નર'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ઓશો ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા 'ઓશો કોર્નર' માટે બુક કેશ તથા ૫૨૬ ગ્રંથો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે. આ પ્રસંગે સ્વામી શ્રી સત્યવેદાંતજીએ 'સાંપ્રત સમયમાં ઓશો દર્શનની પ્રસ્તુતતા'' શીર્ષક અંતર્ગત નર્મદ સેમિનાર હોલમાં વિશેષ વકતવ્ય આપ્યું હતું. તદ્‌પરાંત 'ઓશો જીવનવૃત્તાંત' ગ્રંથનું કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, ઓશો ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના સભ્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના વડાશ્રી ડૉ. જગદીશ ગૂર્જરે કર્યું હતું.




## Residency Programme

યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ તથા યુ.કે.ના ''Something Useful (S.U.P.)'' નામની સંસ્થાના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીના પ્રાંગણમાં યુ.કે. રેસિડેન્સીનો પ્રારંભ થશે. આ રેસીડેન્સીમાં અત્યારે યુ.કે. (લંડન)માં કામ કરતા પ્રોફેશનલ આર્ટિસ્ટ કે જે ''S.U.P.'' દ્વારા પસંદગી પામશે તેવા બે આર્ટિસ્ટ ત્રણ થી ચાર મહિના સપ્ટેમ્બર થી ડિસેમ્બર મહિનાઓ દરમ્યાનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટમાં પોતાના આર્ટ પ્રોજેકટ ઉપર કામ કરશે. આ સમય દરમ્યાન અહી રહી કલા પ્રવૃત્તિ કરશે અને તે સાથે આ પ્રોજેકટમાં ફાઈન આર્ટ્સનાં વિદ્યાર્થીઓ પણ ભાગ લેશે તથા આ કલાકારો ફાઈન આર્ટ્સમાં Talk અને Workshop લેશે જેનાથી યુ.કે.માં ચાલતી આર્ટ પ્રેકિટસ તથા ભારતમાં ચાલતી આર્ટ પ્રેકિટસ આ બન્નેનો સમન્વય અહી જોવા મળશે જેનાથી ફાઈન આર્ટસ્‌નાં વિદ્યાર્થીઓને તેનો સીધો લાભ મળશે. આ આખી રેસિડેન્સીથી ફાઈન આર્ટ્સનાં વિદ્યાર્થીઓને એક જુદું જ વિશ્વ જોવા મળશે જેનાથી તેમની કલાનાં અભ્યાસમાં એક વધારાનું પરિપ્રેક્ષ્ય ઉમેરાશે તેની સાથે ત્યાંથી આવતા કલાકારો માટે સુરતમાં યુનિવર્સિટીમાં કામ કરવાનો એક અનોખો લહાવો મળશે.

## સ્પોર્ટસ ડે




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના યુનિવર્સિટી વહીવટી કર્મચારી સ્ટાફ કલબ અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ માટે તા. ૧૨-૩-૧૬ના રોજ યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌ પ્રથમ સ્પોર્ટસ ડેનું આયોજન કુલપતિશ્રી, ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ પદે તથા સ્ટાફ કલબના પ્રમુખ ડૉ. મીતલ ઉપાધ્યાય દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યકારી કુલસચિવ શ્રી અરવિંદ ધડુક અને યુનિવર્સિટી પરિવારના સભ્યો હાજર રહયા હતાં.

દિપ પ્રાગટય કરીને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે સ્પોર્ટસ ડેનું ઉદ્ઘાટન કર્યું અને વકતવ્યમાં સ્પોર્ટસ ડેનું આયોજન કરવા બદલ સ્ટાફ કલબના પ્રમુખ ડૉ. મીતલ ઉપાધ્યાય તથા તેમની આયોજન ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને સ્પોર્ટસ ડે માટે પોતાનો રાજીપો વ્યકત કરતાં શુભેચ્છા પાઠવીને રમતવીરોને ખેલદિલી પૂર્વક રમવા આહ્‌વાન કર્યું હતું. રમત-ગમત એક અદ્‌ભૂત શબ્દ છે. રમતના મેદાનમાં એક દિવસ માટે થોડા કલાક માટે સમય આપો, આનંદ કરો. સૌને અભિનંદન. તદ્‌પરાંત આ પ્રથમ સ્પોર્ટસ ડે પ્રથમ ન બની રહેતાં દર વર્ષે યોજાય તેવી આશા કુલપતિશ્રીએ વ્યકત કરી હતી.

ઉદ્ઘાટન સમારોહની આભારવિધિ કાર્યકારી કુલસચિવ શ્રી અરવિંદ ધડૂકે કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન સ્ટાફ કલબના મંત્રી શ્રી શૈલેષ પટેલે કર્યું હતું.

સ્પોર્ટસ ડેમાં ક્રિકેટ, વોલીબોલ, બેડમીન્ટન અને સંગીત ખુરશીની રમતોમાં યુનિવર્સિટી પરિવારના કુલ ૨૦૩ રમતવીરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં સૌ ભાઈઓ-બહેનોએ પરિવારના સભ્ય તરીકે ભાવપૂર્ણ વાતાવરણમાં ખેલદિલીપૂર્વક સ્પોર્ટસ ડેની ઉજવણી કરી હતી.

# કોલેજ ન્યૂઝ

## સ્વામી વિવેકાનંદ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત જ્ઞાનધારા અને સ્ટુડન્ટ કાઉન્સિલની ડિબેટ કમિટિના ઉપક્રમે ''સ્વામી અને યુવાન'' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં સ્વામીજીની જીવનની વાતો કરીને વિશ્વ યુવા દિવસ મનાવ્યો હતો. આ સ્પર્ધામાં પ્રથમ-પટેલ નેહા એન. (ટી.વાય.બીકોમ.), દ્વિતીય-મિશ્રા ખુશ્બુ (એ.વાય.બીકોમ) અને તૃતીય-ગુપ્તા રેનું આર. (ટી.વાય.બીકોમ) રહયા હતા. આચાર્યાશ્રી ડૉ. ભારતીબેન પંચોલીએ વિજેતા તેમજ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. પ્રા. નરેન્દ્રભાઈ સોલંકી તેમજ પ્રા. દિપીકાબેન લાડે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. આયોજન પ્રા. વર્ષાબેન રાણાએ અને કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ દેસાઈ ભૂમિકા એ. કરી હતી. વિદ્યાર્થીઓએ વંદેગુજરાત ચેનલ પરથી પ્રસારિત કાર્યક્રમ નિહાળ્યો હતો.

તા. ૧૨-૧-૧૬ના રોજ ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતમાં સ્વામી વિવેકાનંદ જયંતિ પ્રસંગે કોલેજ પરિવારના સભ્યો અને વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવન વિશે ડોકયુમેનટરી બતાવવામાં આવી હતી. ઈન્ચાર્જ આચાર્ય શ્રી બંટી કે. શાહ તેમજ એન.એસ.એસ. કમિટીના સભ્યોના સંપૂર્ણ સહકારથી કાર્યક્રમ સફળ રહયો હતો.




વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૧૨-૧-૧૬ના રોજ સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મજયંતિ નિમિત્તે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદજીના જીવન અને ચરિત્ર પર એક ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવી પેનલ ડિસ્કશન કરવામાં આવ્યું હતું તથા ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ સ્વામી વિવેકાનંદના જીવન-કાર્ય વિશે ચર્ચા કરીને અને પોતાના જીવનમાં વિવેકાનંદજીના જીવનનાં સિધ્ધાંત અપનાવવાની શપથ પણ લીધી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. હિમાંશુ ઠકકરે કર્યું.

સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકની દોરવણી હેઠળ ડિબેટ કમિટી દ્વારા વલસાડની પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયનાં બ્રહ્માકુમાર શ્રી રોહિતભાઈ દેસાઈ, બ્રહ્માકુમારી ગીતાદીદી, ફાલ્ગુનીદીદી અને દક્ષાદીદીના સાંનિધ્યમાં ગીતાદીદીના 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેનો ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. સ્વામીજીનાં વિચારો મનુષ્યમાત્રનો ઉત્થાન માટે કેવા પ્રેરક છે તેની વાત સમજાવી તેમણે સ્વામીજીનાં સુપ્રસિધ્ધ અવતરણોને અનુલક્ષીને પ્રવચન આપી ગીતાદીદીએ ઉપસ્થિત શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતાં. કાર્યક્રમનું સંચાલન ડિબેટ કમિટિ ચેરમેન પ્રા. કે.સી. પટેલે કર્યું હતું.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સ્વામી વિવેકાનંદની ૧૫૩મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ૫૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઈનચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલા, ઉપાચાર્ય પ્રા. શ્રી યુ.એમ. પટેલ તથા કોલેજ પરિવારે ભાગ લીધો હતો. વિજેતાઓને ટ્રોફી તથા દરેક સ્પર્ધકોને સ્ર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરિણામઃ પ્રથમ-કુ. પિનલ એમ. પટેલ (એફ.વાય.બી.કેમ.), દ્વિતીય-શ્રી કમલેશ આર. વાઘારી (એમ.કોમ.-૧), તૃતીય-કુ. રંગીલા એન. સહાની (એસ.વાય.બી.કોમ.), કુ. અવનિ એચ. લાડવા (એસ.વાય.બી.કોમ.), આશ્વાસન-શ્રી દિવ્યાંગ એન. જરીવાલા (એફ.વાય.બી.કોમ.), કુ. મિના એલ. કુમાવત (એફ.વાય.બી.કોમ.), કુ. રિન્કલ જે. અનાજવાલા (એસ.વાય.બી.કોમ.) રહયા હતા.

## વ્યાખ્યાન

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૮-૨-૧૬ના રોજ વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજના આચાર્યશ્રી વિનોદભાઈ જી. પટેલે ''અધ્યયનના સિધ્ધાંતો'' વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. વિષયને કેન્દ્રમાં રાખી વિશદ્ ચર્ચા કરી હતી. પરિચય વિધિ પ્રા. રજનીકાન્ત પટેલે કરી હતી. આભારવિધિ ઈ.પ્રિ. શ્રી સોનીયાબેન વાંસીયાએ કરી હતી.

## દક્ષિણાયન : સરનામું

બાબુલાલ અંકુયા
મદદનીશ ગ્રંથપાલ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
ઉધના મગદલ્લા રોડ, સુરત-૩૯૫ ૦૦૭.
e-mail: dakshinayan.library@gmail.com

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Babulal Ankuya,** Assistant Librarian
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com